ડાયાબિટીસ
ડો.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
બી.પી., 2D ઈકો
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325



LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8 તા.૨૨-૦૧-૨૦૨૬, ગુરૂવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫



EFCEE SAROVAR PREMIERE bhavnagar A SAROVAR HOTEL
LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com



# ખુંટવડાના PSI અને GRD જવાન ઉપર જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ; જોકે, વાયરલ વીડિયોમાં વિપરીત દ્રશ્યો જોવા મળ્યા !!

ભાવનગર,તા.૨૨

ભાવનગર રેન્જ આઈજી દ્વારા ભાવનગર ખાતે કરાયેલ પોલીસ ઈન્સ્પેકશન પરેડમાં આવ્યા બાદ પરત ફરી રહેલા ખુંટવડાના PSI અને GRD જવાન ઉપર રોજકી ડેમના નાળા પાસે બોરડી રોડ ઉપર રસ્તા વચ્ચે માલ ઢોર લઈને જતા શખ્સે હુમલો કરી લાકડીઓ વડે માર મારતા બંનેને ઈજા થતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ. તેવા પ્રકારની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને આરોપીને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.જોકે એક વિડીયો વાયરલ થયો છે જેમાં ફરિયાદથી વિપરીત દ્રશ્યો જોવા મળી રહ્યા છે જે પોલીસની છબી પર પણ છાંટા ઉડે તેવા છે અને લોકોમાં તરેહ તરેહની ચર્ચા થઇ રહ્યાનું સૂત્રો જણાવી રહ્યા છે. ત્યારે ખરેખર હકીકત શું છે ? વાયરલ વિડીયો આ બનાવનો જ છે કે કેમ? તે સહિતની બાબતો અંગે પોલીસના જવાબદાર ઉચ્ચ અધિકારી તપાસ કરે અને હક્કીકત ઉજાગર કરે તે જરૂરી છે.





તસવીર : ધવલ વાજા

## રોજકી ડેમના નાળા પાસે પશુઓ દૂર કરવાનું કહેતા માલધારી શખ્સે ઉશ્કેરાઈ જઈ હુમલો કર્યાનો આક્ષેપ

ખુટવડા પોલીસ મથકના પીએસઆઈ તરીકે ફરજ બજાવતા રાજેશ જગરામભાઇ યાદવ (ઉ.વ.૪૭)એ ભાવેશભાઈ રાઘવભાઈ સોસલા (રહે.મોટા ખુંટવડા) સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે બુધવારે ભાવનગર રેન્જ આઈજી દ્વારા ભાવનગર ખાતે કરાયેલ પોલીસ ઈન્સ્પેકશન પરેડમાં આવ્યા હતા અને સાંજે પરેડ બાદ પરત ફરતા હતા ત્યારે રોજકી ડેમના નાળા પાસે બોરડી રોડ મોટા ખુંટવડા પહોચતા પોતાની ગાડી આગળ એક ઈસમ હાથમાં લાકડી લઈને ભેસોના ટોળા સાથે રોડની વચ્ચોવચ વાહન વ્યવહારને અડચણ રૂપ થાય તે રીતે હંકારીને જતો હોય જેથી હોર્ન મારવા છતાં દૂર ના જતા ગાડીમાંથી નીચે ઉતારી તેને દૂર જવાનું કહેતા તે એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને પોતે પોલીસ યુનિફોર્મમાં વર્દીમાં હોવા છતાં જીભાજોડી કરી બેફામ વર્તન કરવા લાગેલ જેથી પોતાની સાથે આવેલા જીઆરડી જવાન નાગજીભાઈ માધાભાઈ ગીલાતર તેમને સમજાવવા જતા ઉશ્કેરાઈ જઈને તેના હાથમાંની લાકડીનો ઘા અચાનક GRD જવાન ઉપર લાકડીનો ઘા કરીને હુમલો કરતા તેમને બચાવવા જતા પોતાને PSI ઉપર પણ હુમલો કરેલ આથી પોતાના સ્વબચાવમાં બળ પ્રયોગ કરી ઈસમને તાબે કરેલ. આ બનાવ અંગે ખુંટવડા પોલીસે ૧૨૧-૨, ૨૨૧, ૩૫૨,૨૮૫ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

દરમિયાન આ બનાવમાં ઈજા થતા પીએસઆઈ રાજેશ યાદવ, જીઆરડી જવાન નાગજીભાઈ માધાભાઈ ગીલાતર તથા આરોપી ભાવેશભાઈ રાઘવભાઈ સોસલાને સરકારી ગાડીમાંજ સારવાર માટે સીએચસી ખાતે ખસેડાયેલ. આ બનાવથી પોલીસના ધાડા ઉતર્યા હતા અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયેલ આ બનાવથી ચકચાર મચી જવા પામેલ છે.

# અખિલેશ સર્કલ પાસેથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલી બે કાર સાથે ત્રણ ઝડપાયા

ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલો ૧૧૧૫ કિ.રૂ.૨,૭૧,૭૨૦, બે ફોર વ્હીલ કિ.રૂ. ૮લાખ તથા ૩ મોબાઈલ મળી કુલ.રૂ.૧૦,૮૮,૭૨૦નો મુદ્દામાલ જપ્ત







તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૨

ભાવનગરના પેરોલ ફર્લો સ્કવોડ, એલ.સી.બી.ના માણસોએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ઘોઘારોડ, અખિલેશ સર્કલ પાસે, મંત્રેશ કોમ્પ્લેક્ષ નજીક વોચ ગોઠવીને ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલી સ્વીફ્ટ અને મિત્સુબિશી કાર સહીત રૂ ૧૦.૮૮ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોને ઝડપી લઈને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરના પેરોલ ફર્લો સ્કવોડ, એલ.સી.બી.ના માણસો પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગીરાહે બાતમી મળેલ કે એક સીલ્વર કલરની મીત્સુબીસી ફોરવ્હીલ રજી.નં. UP-16-AC-7704 માં ગે.કા. ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે અને તેની આગળ નરેશ ઉર્ફે નરીયો હીંમતભાઈ પાટડીયા રહે. પાલીતાણાવાળો મેગ્મા ગ્રે કલરની સ્વીફટ કાર નં. GJ-08-BS-8596ની લઇ પાઈલોર્ટીગ કરી ભાવનગર શહેરમાં રીંગ રોડથી મંત્રેશ કોમ્પ્લેક્ષ થઇ અખીલેસ સર્કલ તરફ ઈંગ્લીશ દારૂનો જથ્થો વેંચાણ અર્થે લઈને આવે છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને વોચ ગોઠવેલ

દરમ્યાન બાતમીવાળી બંને ફોરવ્હીલ મંત્રેશ કોમ્પ્લેક્ષ તરફથી અખીલેસ સર્કલ તરફ જતા રસ્તે આવતા તેને રોકી પ્રથમ ગ્રે કલરની સ્વીફટ કાર નં. GJ-08-BS-8596 માં જોતા એક ઈસમ ફોર વ્હીલ ચલાવતો હોય જેનું નામ પુછતાં નરેશ ઉર્ફે નરીયો હીમતભાઈ પાટડીયા ઉવ.૩૩ રહે. માર્કેટીગયાર્ડ પાસે, પાલીતાણા વાળો હોવાનું જણાવે બાદ સીલ્વર કલરની મીત્સુબીસી ફોરવ્હીલ રજી.નં.U P-16-AC-7704 માં જોતા એક ઈસમ કાર ચલાવતો હોય અને તેની બાજુમાં એક લેડીઝ બેઠેલ હોય જે પૈકી કાર ચલાવનાર ઈસમનુ નામ પુછતાં પોતે જયભગવાન રાજન સોનુ ઉવ.૩૬રહે. ભૈ ન્યુ ખુર્દ ગામ, રોહતક, હરીયાણા વાળો હોવાનુ તેમજ તેની બાજુમાં બેઠેલ લેડીઝ કનિકા ડો/ઓ ભૈરવદત જોષી ઉવ.૨૫ ધંધો. ઘરકામ રહે. હાલ-સેકટર-૫૯, દીલ્હી મુળ રહે. નૈનીતાલ ઉતરાખંડવાળા હોવાનું જણાવેલ બાદ સ્વીફટ કારમાં જોતા કાંઇ ગે.કા ચીજવસ્તુ જોવામાં આવતી નથી. તેમજ સીલ્વર કલરની મીત્સુબીસીમાં જોતા પાછળની ડેકીમાં પ્લાસ્ટીકની થેલીઓમાં તથા છુટક ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની અલગ અલગ કંપનીની નાની-મોટી સીલપેક ૧૧૧૫ બોટલોનો જથ્થો મળી આવેલ પોલીસે દારૂનો જથ્થો અને બે કાર મળીને કુલ રૂ.૧૦.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ઘોઘારોડ પોલીસ મથકમાં સોંપી આપી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

# નારી રેલવે બ્રિજ નીચેથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે શખ્સ ઝબ્બે

## ૧૫ બોટલ દારૂ અને બાઈક સાથે ૫૦ હજારનો મુદ્દામાલ જપ્ત, બે શખ્સ સામે ફરિયાદ દાખલ

ભાવનગર,તા.૨૨

ભાવનગરના વરતેજ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી પૂર્વ બાતમીના આધારે નારીગામે રેલવે બ્રિજ નીચેથી મોટર સાયકલ લઈને શંકાસ્પદ હાલતે ઉભેલા એક શખ્સને ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરના વરતેજ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ફરતા ફરતા રાત્રીના ૮ વાગ્યે નારી ગામ રેલ્વે બ્રીજની નીચે આવતા ત્યા એક ઈસમ મો.સા. લઈને ઉભેલ હોય તેની પાસે એક પ્લાસ્ટીકની મોટી થેલી હોય જે શંકાસ્પદ લાગતા ઈસમને પુછપરછ કરતા ફર્યુ ફર્યુ બોલતા હોય જેથી તેની પાસે રહેલ પ્લાસ્ટીકની મોટી થેલી તપાસ કરતા ખાખીના પુઠાવાળી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની પેટી તથા છુટી બોટલ જોવામા આવતા તેનું નામ ઠામ પુછતા પોતે મુન્નાભાઈ ભટુરભાઇ ભીલ ઉ.વ .૩૧ રહે- પ્લોટ નં.૪૦, શેરી નં.૨, ગોકુળનગર, કુભારવાડા ,ભાવનગર મુળ-સરતાનપર ગામ, .તળાજા વાળા હોવાનુ જણાવતા ઈસમને દારુની બોટલ ક્યાથી લાવેલ જે બાબતે પુછપરછ કરતા આ મુદામાલ કલ્પેશભાઇ નાથાભાઈ કોતર રહે- ગોકુળનગર,કુભારવાડા,ભાવનગરવાળા પાસેથી લાવેલ હોવાનુ જણાવેલ. પોલીસે શખ્સની ધરપકડ કરી વરતેજ પોલીસ મથકમાં બંને શખ્સો સામે પ્રોહી.એકટ કલમ.૬૫(એ), (એ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# ભરૂચમાં ફરજ બજાવતા ભાવનગરના મહિલા કોન્સ્ટેબલે આપઘાત વ્હોર્યો

ભાવનગર,તા.૨૨

ભરૂચ શહેરમાં ફરજ બજાવતા મૂળ ભાવનગરના રહીશ એક મહિલા પોલીસ કોન્સ્ટેબલે આપઘાત કરી લેતા પોલીસ તંત્રમાં ચકચાર મચી ગઈ છે. ગત રાત્રિના સમયે ભરૂચ હેડક્વાર્ટર ખાતે આવેલા પોતાના રહેણાંક રૂમમાં યુવતીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આપઘાત વહોરી લેનાર મહિલા કોસ્ટેબલની ઓળખ પ્રીતિ ઉદેસિંહ પરમાર (ઉ.વ.૨૭, રે મૂળ ભાવનગર) ના આપઘાતનું કારણ હજુ અકબંધ છે. ઘટનાની જાણ થતા જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. બી ડિવિઝન પોલીસની મદદથી મૃતદેહને નીચે ઉતારવામાં આવ્યો હતો. ત્યાર બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.વધુમાં પ્રાપ્ત વિગતો મુજબ આ મામલે બી ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા આપઘાત પાછળનું સાચું કારણ જાણવા માટે મૃતકના પરિવારજનો અને સહકર્મીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# અર્ટિગા કારે બાઈક ચાલાક વૃદ્ધને અડફેટે લેતા ઈજા

## પાલીતાણા રૂરલ પોલીસ મથકમાં અર્ટિગા કાર ચાલાક વિરુદ્ધ ફરિયાદ દાખલ

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના જુના સરોડ ગમે રહેતા અને પોલતાનું બાઈક લઈને જય રહેલા ખેડૂત વૃદ્ધના બાઈકને અર્ટિગા કાર ચાલકે અડફેટે લઈને ઈજા કરતા વૃદ્ધના દીકરાએ પાલીતાણા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ પાલીતાણા તાલુકાના જુના સરોડ ગમે રહેતા સુરેશભાઈએ એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેના પીતા મંગાભાઈ પીઠાભાઇ રાઠોડ ઉ.વ.૬૫ તેની હિરો હોન્ડા મો.સા.નં. જી.જે.૦૪.એ એફ. ૫૫૯૬ લઈને ઘરેથી વાડીએ જતા હતા તે વખતે વાડીમા જવાના રસ્તે પહોંચતા રોડ ઉપર સામેથી આવતી અર્ટિગા ફોરવ્હીલ નં. જી.જે.૦૪.ઈ જે.૬૫૩૧ના ચાલકે તેની ગાડી પુરઝડપે અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ગફલત ભરી રીતે ચલાવી ફરીના પીતાની મો.સા.સાથે ભટકાવી ડાબી આંખના નેણ ઉપર તથા ડાબા પગની પીડીમાં ટાંકા તેમજ ડાબી બાજુ થાપાના ભાગે તથા ડાબા ધુંટણમા ફેક્ચર કરી ઈજા કર્યાની ફરિયાદ નોંધાવતા પાલીતાણા રૂરલ પોલીસે કાર ચાલક સામે બીએનએસની કલમ ૨૮૧, ૧૨૫-એ, ૧૨૫-બી તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭,૧૮૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# નશો કરેલી હાલતે પોલીસ મથકમાં બખેડો કરનાર કોન્સ્ટેબલને ૬ મહિના જેલની સજા

## પત્ની ફરિયાદ લખાવવા જતા પોલીસ કર્મીએ પોલીસ મથકમાં જ હંગામો કર્યો હતો

ભાવનગર,તા.૨૨

ભાવનગરના રાધિકા એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.ઈ/૦૫, તેલઘાણી કેન્દ્ર પાસે રહેતા રાજલબા નામના મહિલાએ ગત તા.૧-૯-૨૦૧૮ના રોજ રાત્રિના સમયે પોલીસ કંટ્રોલમાં ફોન કરી પતિ સહિતના સાસરીયા હેરાન-પરેશાન કરી ગાળો દેતા હોવાની ફરિયાદ કરતા ઘોઘારોડ પોલીસની પીસીઆર વાન સ્થળ પર ગઈ હતી અને મહિલા તેમજ તેમના પુત્રીને લઈને પોલીસ મથકે આવતા અરજદાર મહિલા તેના પતિ વિરૂદ્ધ અરજી લખાવતા હતા. આ સમયે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં તે સમયે નોકરી કરતો પતિ દેવેન્દ્રસિંહ ભરતસિંહ વાળાએ પોલીસ મથકમાં આવી પત્ની અને પુત્રી સાથે બોલાચાલી કરવા લાગેલ જેથી ફરજપર રહેલા મહિલા પીએસઓ ભાનુમતિબેન ચુડાસમા અને અન્ય સ્ટાફે દોડી જઈ શખ્સને પકડી પાડી તપાસ કરતા નશાની હાલતમાં હોવાનુ જણાઈ આવ્યું હતું. જેથી પીએસઓ બી.એ.ચુડાસમાએ પોલીસ કર્મચારી ડી.બી. વાળા સામે પ્રોહિ એક્ટની કલમ ૬૬ (૧) બી મુજબ ગુનો દાખલ કર્યો હતો. આ અંગેનો કેસ ભાવનગરના બીજા એડી. સિવિલ જજ અને જેએમએફસી એ.એસ. મેમણની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ પી.એમ.ગામેતીની અસરકારક દલીલો, રજૂ થયેલા આધાર-પુરાવાઓ વગેરેને ગ્રાહ્ય રાખી ન્યાયમૂર્તિ એ.એસ. મેમણે આરોપી પોલીસ કર્મચારી દેવેન્દ્રસિંહ વાળાને તકસીરવાન ઠેરવી છ માસ સાદી કેદની સજા, એક હજારનો દંડ અને દંડની રકમ ન ભરે તો વધુ ૧૫ દિવસ સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

# જયરાજ આહીરની સાડા ત્રણ કલાક મેરેથોન પૂછપરછ, વધુ બે ઝડપાયા

## પીડિત નવનીત બાલધીયા દ્વારા થયેલ આક્ષેપો અંગે પૂછતાછ કરાઈ

ભાવનગર,તા.૨૨

બહુચર્ચિત બનેલા બગદાણાના નવનીત બાલધીયા હુમલા પ્રકરણમાં એસઆઈટી દ્વારા જયરાજ આહીરને નોટિસ આપી જવાબ આપવા બોલાવ્યા હતા. લગભગ ત્રણ કલાકથી પણ વધુ સમય સુધી ચાલેલી મેરેથોન પૂછતાછમાં જયરાજ આહીર પાર થયેલા આક્ષેપો અને કથિત સંડોવણી સંદર્ભે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે તેમની પૂછતાછ કરી નિવેદન નોંધ્યું હતું. શરૂઆતથી જ જયરાજ આહીર પર આક્ષેપ થઇ રહ્યા છે આખરે જયરાજ આહીરનો જવાબ પોલીસે લીધો હતો.





તસવીર : ધવલ વાજા

બગદાણામાં પચ્ચીસેક દિવસ અગાઉ આઠ અજાણ્યા શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો અને બાદમાંઆ મારામારીના હુમલામાં રાજકીય ગરમાવો થતાં આઠેય આરોપીઓના બગદાણા પોલીસે નામજોગ ફરિયાદ દાખલ કરી. તમામની ધરપકડ કરી હતી અને ત્યાર બાદ વધુ ત્રણ આરોપી મળી એસ.આઇ.ટી.ની ટીમ દ્વારા કુલ ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. એસ.આઇ.ટી. દ્વારા જેમ જેમ તપાસ આગળ વધતી ગઇ તેમ તેમ એક પછી એક લોકોને નિવેદનો માટે બોલાવાયા હતા. થોડા દિવસો અગાઉ ફરિયાદી નવનીતભાઇ બાલધિયાને પણ નિવેદન આપવા માટે બોલાવાયા હતા. દરમિયાનમાં લોક સાહિત્યકાર માયાભાઇ આહિરના પુત્ર સામે આક્ષેપ થતા તેમને પણ બુધવારે સાંજે બોલાવી પૂછતાછ કરાઈ હતી. જયારે એસ.આઇ.ટી. દ્વારા વધુ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં હથિયાર પુરા પાડનાર અજય ભાલીયા ઉર્ફે મોટો અને ઉત્તમ બાંભણીયાની ધરપકડ કરી છે. આ સાથે આ કેસમાં ધરપકડનો આંક ૧૩ થયો છે.

### તમામ સવાલોના જવાબ આપ્યા, મને કાયદા ઉપર પુરો ભરોસો છે- જયરાજ આહિર

હાઈ પ્રોફાઈલ બની ગયેલા બગદાણાના હુમલા પ્રકરણમાં ભોગ બનનાર નવનીત બાલધીયાએ લોક સાહિત્યકાર માયાભાઈ આહિરના દિકરા જયરાજ આહિર સામે આક્ષેપો કર્યા હતા. જેના પગલે સીટે તેને પુછપરછ માટે સમન્સ પાઠવતા તેઓ બુધવારે ભાવનગર રેન્જ કચેરીએ હાજર રહ્યા હતા. સીટની પુછપરછ બાદ કચેરી બહાર આવી જયરાજ આહિરે જણાવ્યુ હતું કે, તેને પુછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. મે સીટના તમામ સવાલોના જવાબ આપ્યા છે. મને કાયદા ઉપર પુરો ભરોસો છે. ભવિષ્યમાં પણ આ વિષયમાં મને બોલાવવામાં આવશે તો હુ હાજર રહીશ તેમ તેણે જણાવ્યુ હતું. ઉલ્લેખનીય છેકે, જયરાજ આહીરની આ પ્રથમ પ્રતિક્રિયા હતી. આક્ષેપો છતાં તેઓ કે તેમના પરિવારના સભ્યો દ્વારા આ વિવાદ મામલે અગાઉ એકપણ વાર કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી.

### બગદાણા-મહુવાના બે શખસને પૂછપરછ બાદ જવા દેવાયા

બગદાણાના કોળી યુવક ઉપર જીવલેણ હુમલાની ઘટનાને લઈ સીટે પોતાની તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. ત્યારે ૧૬ દિવસની તપાસ દરમિયાન શંકાના પરિધમાં આવતા અનેક શખસોને સમન્સ પાઠવવામાં આવ્યા હતા. ત્યારે બુધવારે વધુ બે શખસ મહુવાના ચેતન સોની અને બગદાણાના રામભાઈ વાળાને મળેલા સમન્સને લઈ બન્ને બુધવારે સીટ સમક્ષ ભાવનગર રેન્જ કચેરીએ હાજર થયા હતા. જ્યા બન્નેની લાંબી પુછપરછ હાથ ધરવામાં આવી હતી. પુછપરછ બાદ બન્નેને જવા દેવાયા હોવાનું જાણવા મળ્યું છે.

### સીટ દ્વારા તપાસનો દૌર હાથમાં લઈ ૧૭ દિવસમાં ૨૦ શખસના નિવેદન લેવાયા

બગદાણામાં કોળી યુવક પરના હુમલા પ્રકરણે ધીમી છતાં મક્કમ ગતિએ સીટે તપાસ આગળ ધપાવી છે. સીટની ૧૭ દિવસની તપાસ દરમિયાન ૨૦ વ્યક્તિને સમન્સ પાઠવી તેઓના નિવેદન લેવાયા હતા. જે પૈકી બુધવારે લોક સાહિત્યકાર માયાભાઈ આહિરના પુત્ર જયરાજ આહિર સહિત ત્રણના સીટે ભાવનગર રેન્જ કચેરીમાં નિવેદન લીધા હતા.